realpatidar.com

॥ ॐ શ્રી ભગવાન નિષ્કલંકી નારાયણાય નમો નમઃ ॥

# પ. પૂ. વીરવર આચાર્યશ્રી કરસનદાસજી મહારાજ

ॐ

# શ્રી સતપંથ પ્રેરણાપીઠ - પીરાણાના ગાદીપતિ તરીકેનો સુવર્ણ દાયકો

## [જીવન વૃત્તાંત]

પ્રકાશક :

સત્પંથ સેવા પ્રકાશન સમિતિ

પ્રેરણાપીઠ, પીરાણા, જિ. અમદાવાદ

realpatidar.com



# Real Patidar Library

This book/literature/article/material may be used for research, teaching, and private study purposes. Any substantial or systematic reproduction, redistribution, reselling, loan, sub-licensing, systematic supply, or distribution in any form to anyone is expressly forbidden.

The library does not give any warranty express or implied or make any representation that the contents will be complete or accurate or up to date. The library shall not be liable for any loss, actions, claims, proceedings, demand, or costs or damages whatsoever or howsoever caused arising directly or indirectly in connection with or arising out of the use of this material.

Full terms and conditions of use: http://www.realpatidar.com

## About Real Patidar books

Real Patidar's mission is to organize the information on Satpanth religion, which is a Nizari Ismaili sect of Shia branch of Islam, and to make it universally accessible and useful. Real Patidar Books helps readers discover the material on Satpanth online while helping authors and researchers in their studies. You can know more by visiting http://www.realpatidar.com

Real Patidar
Unravel Truth
DN: cn=Real Patidar, o=realpatidar.com, ou, email=mail@realpatidar.com, c=IN
Date: 2020.12.05 14:08:43 +05'30'

realpatidar.com

॥ ૐ શ્રી ભગવાન નિષ્કલંકી નારાયણાય નમો નમઃ ॥

# પ. પૂ. વીરવર આચાર્યશ્રી કરસનદાસજી મહારાજ

ૐ

# શ્રી સતપંથ પ્રેરણાપીઠ - પીરાણાના ગાદીપતિ તરીકેનો સુવર્ણ દાયકો

## [જીવન વૃત્તાંત]

પ્રકાશક :
સત્પંથ સેવા પ્રકાશન સમિતિ
પ્રેરણાપીઠ, પીરાણા, જિ. અમદાવાદ

realpatidar.com

realpatidar.com

પ્રકાશક :
શ્રીસતપંથ સેવા પ્રકાશન સમિતિ
પ્રેરણા પીઠ-પીરાણા.
તા. દસક્રોઈ જી. અમદાવાદ-૩૮૨૪૨૫

પ્રથમ આવૃત્તિ :
સંવત ૨૦૫૨ના માગસર વદ ૭
તા. ૧-૧-૧૯૯૭

સર્વ હક્ક પ્રકાશક ને સ્વાધિન :

મુદ્રક :
નવપ્રભાત પ્રિન્ટિંગ પ્રેસ,
જુની નોવેલ્ટી સિનેમા પાસે,
ઘીકાંટા-અમદાવાદ-૧
ફોન : ૫૫૦૮૬૩૧

realpatidar.com

realpatidar.com



प.पू. विरवर आचार्य
श्री करसनदासजी महाराज
प्रेरणापीठ - पीराणा

realpatidar.com

realpatidar.com

પરમ પૂજ્ય ગુરૂવર એવા જીવન ઉદ્ધારક વીરવર આચાર્યશ્રી કરસનદાસજી મહારાજ (પીઠાધિશ્વર, પ્રેરણાપીઠ, પીરાણા) ના જીવન અને તેમના વ્યક્તિત્વની સાચી પરખ કરવાનું પામર માનવીનું ગજું ન ગણાય. પૂજ્ય આચાર્યશ્રીનું ઉચ્ચ આદર્શમય જીવન જોતાં તેમાં સદૈવ પરમાર્થ અને સદ્દગતિના ઉદ્ધારક એવા સદ્દગોર ગુરૂવર શ્રી ઈમામશાહ મહારાજનું જ પ્રતિબિંબ દેખાય છે. વૈદિક ધર્મ, સતપંથ સંપ્રદાય અને પ્રેરણાપીઠ-પીરાણા પ્રત્યેની તેમની અસીમ શ્રદ્ધા અને દિવ્ય ભક્તિભાવ તેમજ શુદ્ધ ધર્મ આચરણથી કોઈપણ માનવી રંગાઈ ગયા વિના ના રહે. મારા દિલમાં આચાર્ય મહારાજ શ્રી પ્રત્યે ભાવ પેદા થયો તે વ્યક્ત કરું છું.



realpatidar.com

realpatidar.com

માત્ર સતપંથ સંપ્રદાયના જ નહિ પણ સમસ્ત માનવજાતના ગૂરૂવર એવા પૂ. આચાર્યશ્રીના જીવન અને કાર્યથી દૂરદૂર વસતા લોકો પણ વાકેફ થાય અને પોતાનું જીવન ધન્ય બનાવે એવા ઉદ્દેશથી આ પરિચય લખવાનો પ્રયાસ નમ્રભાવે કરી રહ્યો છું.

આજથી પાંચ સદી પૂર્વે વૈદિક ધર્મના પ્રવર્તક તરીકે સદ્દગોર (સદ્દગુરૂ) શ્રી ઈમામ શાહ મહારાજે આ રાષ્ટ્રની અમૂલ્ય સેવા બજાવી. તેમણે સમગ્ર ભારત વર્ષમાં વૈદિક ધર્મ-સંસ્કૃતિનો પ્રચાર-પ્રસાર કર્યો અને ધર્મ સંસ્કૃતિને વિકસાવવા દિવ્ય એવા વેદ વિહિત મુક્તિ માર્ગનો રાહ બતાવ્યો. આ રાહને તેમણે સતપંથનું નામ આપ્યું. સદ્દગુરૂ શ્રી



realpatidar.com

realpatidar.com

ઈમામશાહ મહારાજે પોતાના અંતિમ સ્થાન તરીકે અમદાવાદથી લગભગ અઢાર કિલોમીટરનાં અંતરે આવેલા કુમારિકા ભૂમિ સ્થાન પીરાણાને પસંદ કર્યું હતું. આ પૂણ્ય પ્રતાપી અને પરલોક ઉદ્ધારક સ્થાન તેમની કૃપાથી સમગ્ર ભારત વર્ષમાં પ્રેરણાપીઠ પીરાણા તરીકે ખ્યાતિ પામ્યું છે. તેમની પરંપરા જાળવતી સદ્દગુરૂ ગાદીના હાલના **બાવીસમા ગાદીપતિ** તરીકે પ.પૂ. વીરવર આચાર્યશ્રી કરસનદાસજી મહારાજે ગાદીપતિ પદ ધારણ કર્યું તેને એક દાયકો પૂરો થવા આવ્યો છે. આચાર્યશ્રીના પવિત્ર, પુનિત પ્રેમ વાત્સલ્યના સાગર સમા અને સિંહ જેવા વ્યક્તિત્વનું આચમન કરાવવાની ક્ષમા સાથે આજ્ઞા લઉં છું.



realpatidar.com

realpatidar.com

ગાદીપતિ વીરવર આચાર્યશ્રી કરસનદાસજી મહારાજે તેમના એક દાયકાના પીઠાધિકારી તરીકેના સમય દરમ્યાન પીરાણા પ્રેરણાપીઠને જે ગૌરવ અપાવ્યું છે તે અજોડ છે. માત્ર દસ વર્ષના ટૂંકાગાળામાં પૂ. આચાર્યશ્રીએ સતપંથ સંપ્રદાયને જે સિધ્ધિઓના સોપાન સર કરાવ્યાં. છે તે જાણી-વાંચી પ્રત્યેક સતપંથ સંપ્રદાયના અનુયાયીઓના મસ્તક ગૌરવથી સદા ઊંચા રહેશે અને તેમની છાતી ગજગજ ફૂલશે.

તો આવો, મારા-તમારા અને આપણા સર્વેના ગુરૂવર પ.પૂ. વાલી મુક્તિદાતા ગુરૂદેવ પ.પૂ. આચાર્યશ્રી કરસનદાસજી મહારાજના મહાન જીવનની ઝલક મેળવી



realpatidar.com

realpatidar.com

ધન્ય બનીએ.

ધર્મી હુઆ તો ક્યા હુઆ,
ગુરૂ સે ન લાગા સંગ,
(તો) પાનીમેં પથ્થર બસે,
ઉસે નીર ન લાગે અંગ!

કચ્છના અંજાર તાલુકાના ખેડોઈ ગામે વિક્રમ સંવત ૧૯૮૯ કારતક સુદ ૧૪ ગુરૂવારના રાત્રે દસ વાગ્યે અરજણભાઈ પચાણભાઈ છાભૈયાના ધર્મપત્ની માતાજી પુરીબેનની કૂખે દ્વિતીય સંતાન તરીકે દિવ્ય અને પ્રતાપી એવા કરસનદાસજીનો જન્મ થયો. તેમનાથી મોટા ભાઈ પ્રેમજીભાઈ હતા. ત્રણ ભાઈઓમાં વચેટ કરસનદાસજી નાના કાનજીભાઈ, બહેનો પણ ત્રણ - લક્ષ્મીબેન, જીવાબેન તથા ભાણબેન. બાળક કરસનનો



realpatidar.com

realpatidar.com

બાલ્યકાળ એક કિસાનપુત્ર તરીકે પીપળાવાડીમાં વીત્યો. અભ્યાસમાં કિશોરાવસ્થા પસાર કરી યુવાવસ્થામાં પ્રવેશ્યા એટલે તેમના લગ્ન જશુબેન સાથે કરવામાં આવ્યા. ગૃહસ્થી બન્યા છતાં યુવાન કરસનભાઈનો ઝોક અધ્યાત્મિક જીવન પ્રત્યે વધુ રહ્યો. સતપંથ સંપ્રદાય અને તેના સ્થાપક અવતારી પુરૂષ સદ્દગોર શ્રી ઈમામશાહ મહારાજ રચિત 'મૂળબંધ' નો અભ્યાસ કરવો. સાધુસંતોનો આદરપૂર્વક સત્સંગ કરવો, ગરીબ અને દુઃખિયાઓને સહાય કરવી આવા સત્કાર્યોમાં તેઓ સદા રચ્યા પચ્યા રહેતા.

કરસનભાઈ અને જશુબેનના દામ્પત્યજીવનમાં બે પુત્રો અને પાંચ



realpatidar.com

realpatidar.com

પુત્રીઓનો પરિવાર પાંગર્યો. પુત્ર જમુભાઈ અને જેન્તીલાલ તથા પુત્રીઓ હીરાબેન, અમૃતબેન, રતનબેન, નર્મદાબેન અને સવિતાબેન. ગૃહસ્થી કરસનભાઈ ખેડોઈમાં સમાજ અને ધર્મની સેવાની ધૂણી જગાવી બેઠા હતા અને તેમની નામના દિવસે દિવસે વ્યાપક બનતી જતી હતી. તેમણે આ સેવા પ્રવૃત્તિ દરમ્યાન કચ્છના નામી અનામી રાજપુરૂષો સાથે કાર્ય કર્યું. જેમા શ્રી પ્રેમજી ભવાનજી ઠક્કર, શ્રી તુલસીદાસ શેઠ, શ્રી કાંતિપ્રસાદ અંતાણી, શ્રી ગુલાબશંકર ધોળકિયા, શ્રી કુન્દનભાઈ ધોળકિયા, ડો. મહિપતરાય મહેતા, શ્રી હીરજીભાઈ કોટક વગેરેનો સમાવેશ થતો હતો. ૧૯૬૨ની ચૂંટણીમાં પણ તેઓ સક્રિય રહ્યા હતા.



realpatidar.com

realpatidar.com

એ સમય દરમ્યાન ખેતી અને ધંધાના વિકાસ અર્થે તેમણે સ્થળાંતર કરવા નિર્ણય કર્યો. ૧૯૬૨માં ખેડોઈમાંની પોતાની ખેતીવાડી, મકાન વગેરે ભાઈઓને સુપરત કરી દઈ પીરાણા પાસે આવેલા પાલડી લાટ-પરામાં જઈ વસ્યા. તે સમયે એ વિસ્તારમાં જમીનના ભાવ એક વીઘાના ત્રણસો રૂપિયા જેવા હતાં. ત્યાં જમીન લઈ શ્રી કરસનભાઈ પોતાના વિશાળ પરિવાર સાથે ખેતીની પ્રવૃત્તિમાં જોડાઈ ગયા. તેમના આધ્યાત્મિક સંસ્કારો તેમને અવારનવાર સદ્‌ગોર શ્રી ઈમામશાહ મહારાજની સમાધિ દર્શને ખેંચી જતાં. ત્યાં સાધુ-સંતો-મહંતો અને વિદ્વાનો સાથે ધર્મ ચર્ચા કરતાં. સેવા-પૂજા અને સત્સંગનો રંગ ચઢતો ગયો. જનસેવા અને



realpatidar.com

realpatidar.com

ધર્મસેવા તેમના જીવનનાં લક્ષ્ય બનતા ગયા. બહોળા પરિવારની જવાબદારી અદા કરતાં પણ તેઓ કદી નીતિમત્તા ચૂકતા નહિ. તેમના સંસારી જીવનના સ્નેહીઓ-મિત્રો-પરિચિતો આજે પણ કહે છે કે કરસનભાઈના પેટમાં હરામના અન્નનો એક દાણો પણ નથી ગયો. ચોળા-મગની એક ફળી પણ તેના માલિકની રજા વિના ન લેવી કે ન ખાવી એવો તેમનો સિધ્ધાંત હતો. !!!

આ સમય દરમ્યાન પીરાણાના તત્કાલીન ગાદીપતિ આચાર્ય શ્રીસવજીકાકા મહારાજ દેવલોક પામ્યા. સમગ્ર સતપંથ સંપ્રદાય નવા માર્ગદર્શનની રાહ જોવા માંડ્યો. નવા ગાદીપતિ તરીકે દિવ્ય કળશ ક્યા સદ્‌ભાગીના શિરે ઢોળાશે તેની અટકળો થઈ



realpatidar.com

realpatidar.com

રહી હતી. પાલડી લાટમાં રહેતા નીતિમાન ગૃહસ્થ કરસનભાઈને એક રાત્રે જાણે સદ્દગોર શ્રી ઈમામશાહ મહારાજનો સાક્ષાત્કાર થયો. તેમણે જાણે આજ્ઞા આપી કે 'કરસન આવ મારા સમાધિસ્થાનનું રક્ષણ કરવા અને સતપંથ સંપ્રદાયનું રક્ષણ કરવા !' સતત ત્રણ રાતો દરમ્યાન તેમને આવો આભાસ થતો રહ્યો.

21-Jul-1986

વિક્રમ સંવત ૨૦૪૨ અષાઢ સુદ પૂનમ એટલે કે ગુરૂપૂર્ણિમાના શુભ દિવસે નવા ગાદિપતિની વરણીનો કાર્યક્રમ નક્કી થયો. પરંપરા અનુસાર સતપંથ સંપ્રદાયના તમામ દેશભરના અગ્રણીઓ, મુખીઓ અને સાધુસંતોને પગમાં બેડી પહેરાવવામાં આવે અને જેની બેડી સૌથી પહેલાં આપમેળે ખુલી



realpatidar.com

realpatidar.com

જાય એ ગાદીપતિ બને. નિયત દિવસે સૌ સતપંથીઓ ઉત્સાહભેર ઉમટી પડ્યા. સદ્ગોર શ્રીઈમામશાહ મહારાજના સમાધિસ્થાને સાધુ-સંતો-આગેવાનો સાથે કરસનદાસજીએ પણ બેડી ધારણ કરી. તેમને સતત એવો આભાસ થતો હતો કે તેમની પીઠ પર કોઈ દિવ્ય હાથ ફરી રહ્યો છે. ઉપસ્થિત જનસમુદાય ઉત્સુકતાપૂર્વક આ વિધિ નિહાળી રહ્યો હતો. ત્યાં જ એક મહા ચમત્કાર સર્જાયો. ક્ષણભરમાં કરસનદાસજીની બેડી આપમેળે ખૂલી ગઈ. ભક્તજનો સદ્ગુરૂ શ્રીઈમામશાહ મહારાજનો જયઘોષ કરી ઊઠ્યા. ભગવાનશ્રી નિષ્કલંકી નારાયણના પવિત્ર મંત્રોચ્ચારથી વાતાવરણ ગુંજી ઊઠ્યું. કરસનભાઈ ગાદીપતિ બન્યા. પીઠાધિકારી,



realpatidar.com

realpatidar.com

મહંત, કાકાસાહેબ, ધર્માચાર્ય, ગાદીપતિ કે ચેરમેન જે કહો તે આ પદ તેમને સાંપડ્યું. હજારો અનુયાયીઓમાં હર્ષોલ્લાસ છવાઈ ગયો.

નવા ગાદીપતિ તરીકે શ્રી કરસનદાસજીને વિધિવત્ સ્થાપિત કરવામાં આવ્યા અને તેઓ સૈકડો વર્ષની ઉત્કૃષ્ટ પરંપરાને જાળવનારા બાવીસમાં ગાદીપતિ બન્યા અને તેઓ સૌ પ્રથમ સદ્ગોર શ્રી ઈમામશાહ મહારાજ અને પ્રથમ ગાદીપતિ પ.પૂ. શ્રી શાણાકાકાને તેમજ તમામ સદ્ગત ગાદિપતિઓનું સ્મરણ કરી શ્રી કરસનદાસજી મહારાજે આ મહાન જવાબદારીનો સ્વીકાર કર્યો.

પીરાણાપ્રેરણાપીઠની એવી પરંપરા છે કે



realpatidar.com

realpatidar.com

ગાદીપતિ તરીકે આવતા પહેલા સંસારિક, સામાજિક અને કૌટુંબિક સંબંધોનો ત્યાગ કરવો પડે. દુન્યવી સંબંધો અને સંબંધીઓને રામરામ કરવા પડે. કુટુંબ પરિવારના બંધનો તોડી ગાદીપતિ તરીકે સમગ્ર સતપંથ સંપ્રદાયના વિશાળ પરિવારના વાલી કહેવાય. હવે તેમનો આદેશ સતપંથ સંમ્પ્રદાયનો આખરી કાયદો ગણાય.

કરસનદાસજી મહારાજ 'ધોળીધજા' ના પ્રહરી બન્યા અને તેમણે સતપંથ સમાજને માટે એક સુવર્ણકાળનો પ્રારંભ કર્યો. ગાદીપતિ બન્યાને એક દાયકો થયો છે ત્યારે સમય પર નજર નાંખતાં સતપંથનો અભૂતપૂર્વક અજોડ એવા માન-સન્માન ગૌરવ અને સુરક્ષા સાંપડી છે. તે પીઠના



realpatidar.com

realpatidar.com

પાંચસો વર્ષના ઈતિહાસમાં અજોડ અને અણમોલ છે.

પ્રેરણાપીઠ પીરાણાનાં ગાદીપતિ હસ્તક પેટાપીઠોનો વહીવટ પણ ચાલે છે, જેમાં કાદીયા-(કચ્છ) નાયાકાકા સંસ્થાન, કુકસ, અવાખલ(વડોદરા), કીકીબાઈ (રૂણ), મઢ (ચરોતર), ભાભારામ દેવા (ખેડા), ફૈજપુર પીઠ (ભુસાવલ) મહારાષ્ટ્ર સમાવેશ થાય છે. આ પેટા પીઠોના ગાદીપતિઓની નિમણૂક, વહીવટ અને માર્ગદર્શનની તમામ જવાબ-દારી પીરાણાના ગાદીપતિ સંભાળે છે.

સતપંથ સંપ્રદાય માત્ર ગુજરાત અને મહારાષ્ટ્રમાં જ નહિ સમગ્ર દેશમાં ફેલાયેલો છે. કડવા લેઉઆ પાટીદારો (પટેલો), રાણા-રાજપૂતો, રાણા, ભરવાડ, વસાવા,



realpatidar.com

realpatidar.com

કોરી પટેલ, આદિવાસી ભીલ, રબારી, આઠીયા પટેલ, કંસારા, માછી તથા ખેડા ચોરાતર વડોદરા જીલ્લા ના પટેલો તેમજ દરબારો વગેરે આ પંથને માને છે. મહારાષ્ટ નાં જલગાંવ, ધૂળીયા, ધૂણે, પૂણે, ફૈજપુર સહિતના વિસ્તારોમાં મોટી સંખ્યામાં સતપંથી સમ્પ્રદાયના અનુયાયીઓ ફેલાયેલા છે. ગાદીપતિનું પદ આજીવન ગણાય એવો આ પીઠનો આદેશ છે. પીરાણા પીઠના વહીવટ માટે શ્રીઈમામશાહ મહારાજ સંસ્થાનના સભ્યોની એક સમિતિ રચવામાં આવે છે. દર પાંચ વર્ષે સતપંથ સમાજ તેમના જે તે વિસ્તારમાંથી આ માટે પ્રતિનિધિ મોકલે છે. આચાર્ય શ્રીકરસનદાસજી મહારાજે ગાદી સંભાળી ત્યારબાદ સતપંથ ધર્મના



realpatidar.com

realpatidar.com

ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણનાં જ્યોતિ મંદિરો વિવિધ સ્થળે બનાવવામાં આવ્યા છે. જેમાં કોટડા (ચકાર), નાના થરાવડા, જબલપુર (મુન્દ્રા), આણંદસર, મોમાયમોરા, પાંતિયા, ઉપરાંત શિલવાડ (ખેડબ્રહ્મા, (વડાલી) ઈશ્વરપુરા (ઈડર) મહાદેવપુરા (મોડાસા), અમરાપુર (ધનસુરા), વિઠ્ઠલપુરા (કપડવંજ), કાનપુરા (બાયડ), ગાઝીપુરા (વડાલી) તેમજ દીધિયા કંપા (ખેડબ્રહ્મા)નો સમાવેશ થાય છે. આ સર્વ નવનિર્મિત જ્યોતિ મંદિરોના ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવો પૂ.આચાર્યશ્રી કરસનદાસજી મહારાજના આચાર્યપદે ધામધૂમથી ઉજવવામાં આવ્યા છે. એટલું જ નહી પણ સમગ્ર કચ્છના ગૌરવસમા પૂજ્ય આચાર્ય શ્રી



realpatidar.com

realpatidar.com

કરસનદાસજી મહારાજ સતપંથ સંપ્રદાયની ઉચ્ચ આર્ય સંસ્કૃતિમાં અજોડ એવી વૈદિકધર્મની મસાલ ગણાતી પ્રેરણાપીઠ પીરાણાના ગાદિપતિ પદે તેઓ છેલ્લા દસ વર્ષથી બિરાજે છે. આચાર્ય શ્રી ભારત વર્ષ માં જ્યાં સતપંથ સંપ્રદાય વસે છે. ત્યાં દર વર્ષે ધાર્મિક મુલાકાતે જાય છે. કચ્છમાં પણ ભુજ, માંડવી, મુન્દ્રા, અંજાર અને નખત્રાણા સહીત ના શહેરો તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં આવેલા ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણના જ્યોતિ મંદિરોમાં દર વર્ષે ઉજવાતા વાર્ષિકોત્સવ પ્રસંગે ઘાટપાટની પૂજાપાઠ વખતે તેઓ આચાર્યપદે બિરાજમાન થાય છે. અને તેમના જ કર કમલોથી જ્યોતિ મંદિરોમાં ધોળી ધજા(ધ્વજાવિધિ)



realpatidar.com

realpatidar.com

ચઢાવવાની વિધિ થાય છે. સમસ્ત કચ્છ કડવા પાટીદાર સતપંથ સમાજ તેમના પ્રત્યે અજોડ માન અને આદર ધરાવે છે. એ જ રીતે પીરાણા ખાતે વિશાળ અન્નક્ષેત્ર સુધારણા, અવિરત આવતા રહેતા યાત્રાળુ સમુદાયની સુવિધા અર્થે ભવ્ય નિવાસધામનું કાર્ય કરાયું છે. વૈદિક ધર્મના પ્રચાર-પ્રસાર માટે ૧૯૯૪માં પીરાણામાં દસમું અખિલ ભારતીય સંત સંમેલનનું આયોજન કરાયું હતું જેમાં દેશભરમાંથી જગદ્‌ગુરૂ શંકરાચાર્યો, મહંતો, મંડલેશ્વરો, મહામંડલેશ્વરો, ગાદીપતિઓ, આચાર્યો ભગવતી દેવીઓ તેમજ સાધુ સંતો ઉપસ્થિત રહ્યાં હતાં. આ સંત સંમેલનની સફળતા બાદ ૧૯૯૫માં મહાનગર મુંબઈમાં અખિલ



realpatidar.com

realpatidar.com

ભારતીય વૈદિક ધર્મ સંમેલન યોજી સમગ્ર ભારતના ધર્મ ધુરંધરોને એકત્ર કરવામાં આવ્યા હતા અને એ રીતે વૈદિક ધર્મ સંમેલન યોજી સમગ્ર રાષ્ટ્રમાં ફેલાવવાનો ભગીરથ પ્રયાસ કરાયો હતો. આ ઐતિહાસિક પ્રસંગે વૈદિક ધર્મના ધર્મ ધુરંધર આચાર્યશ્રી કરસનદાસજી. મહારાજનું જગતગુરૂ શંકરાચાર્ય મહારાજોના હસ્તે ઉચિત સન્માન પણ કરાયું હતું.

આચાર્યશ્રી કરસનદાસજી મહારાજ અખિલ ભારતીય સંત સમિતિના (પશ્ચિમાંચલ)ના અધ્યક્ષ તરીકેની પણ ફરજ બજાવે છે.

પૂ. આચાર્યશ્રીની પ્રેરણાથી પીરાણા નજીક હેમપુરી લાટ ખાતે ભગવાન શ્રી



realpatidar.com

realpatidar.com

નિષ્કલંકી નારાયણધામની રચનાનું આયોજન કરાયું છે જેમાં ગુરૂકુળ ઉપરાંત સતપંથ સમાજ માટે સતપંથ બેન્ક પણ ઉભી કરાશે જે જરૂરતમંદોને આર્થિક સહાય કરશે. ભારતભરમાં વસતા લાખો અનુયાયીઓમાં સંકલન અને એકતા જળવાઈ રહે તે માટે પ્રત્યેક જિલ્લામાં સતપંથ સમાજની જિલ્લા સમિતિ રચવામાં આવી છે તેમજ સતપંથ સમાજના ધાર્મિક, સામાજિક, સાર્વજનિક, આર્થિક ઉત્થાન માટે પીઠ તથા અખિલ ભારતીય સતપંથ સનાતન સેવા સમિતિ સતત કાર્યરત છે.

આચાર્યશ્રીના દીર્ઘદ્રષ્ટિપૂર્ણ પ્રયાસોના પરિણામે પ્રત્યેક ગામે વસતા સતપંથ સંપ્રદાયને માર્ગદર્શન આપવા માટે એક



realpatidar.com

realpatidar.com

પ્રામાણિક અને સદાચારી અનુયાયીની મુખી તરીકે વરણી કરવાની પ્રણાલિકા જાળવી રાખીને આવા બધા મુખીઓનું પીરાણામાં અવારનવાર સંમેલન પણ યોજાય છે.

આજ સુધી આચાર્ય શ્રીકરસનદાસજી-મહારાજની વ્યાસપીઠે ૩૮ જેટલી શ્રીમદ્ ભાગવત કથાઓ અને દશાવતાર જ્ઞાનયજ્ઞો યોજાઇ ચૂક્યા છે !!!

સદ્‌ગુરૂશ્રી ઈમામશાહ મહારાજની સમાધિ પર સોનાના કળશનું નવનિર્માણ કામ પૂ. આચાર્યશ્રી કરસનદાસજીના પ્રયાસોની સાક્ષી પૂરે છે. અવિરત વહેતા યાત્રિકોના પ્રવાહની સુવિધા માટે દોઢેક કરોડના જંગી ખર્ચે વિવિધ પ્રકારની સવલતો ઊભી કરવામાં આવી છે. સતપંથ સમાજના



realpatidar.com

realpatidar.com

અનુયાયીઓ માટે અહી રહેવા તેમજ ભોજન ચા-પાણી સહિતની સુવિધાઓ વિનામુલ્યે ઉપલબ્ધ છે.

એજ રીતે હાલમાં વિશાળ પ્રાર્થના ખંડનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે. સદ્ગોર શ્રી ઈમામશાહ મહારાજના શુભ વિચાર અને પ્રયત્નોથીજ ગોવંશ અને ગાયોના સંવર્ધન માટે વિશાળ ગૌશાળાનું આયોજન થયુ છે. તો ૩ર વીઘા જેટલા વિશાળ વિસ્તારમાં 'સંત્તપંથ ગુરૂકુળમાં બાળકોને બાલ્યાવસ્થાથી જ ઉચ્ચ સંસ્કારો પ્રાપ્ત થાય એવા શુભ ઉદ્દેશથી દર વર્ષે વેકેશન દરમ્યાન સુસંસ્કાર શિબિરો પણ યોજવામાં આવે છે જેમાં ધર્મ અને સંસ્કૃતિની સમજ આપવા ઉપરાંત રાષ્ટ ભાવના પ્રગટે અને ભાવી સમાજ વ્યસનમુક્ત



realpatidar.com

realpatidar.com

રહે તે માટે બાલ-બાલિકા સુસંસ્કાર શિક્ષણ શિબિર દ્વારા બાળકોને ખાસ શિક્ષણ આપવામાં આવે છે. વૈદિક ધર્મ અને સંસ્કૃતિનો પ્રસાર-પ્રચાર થાય અને દેશભરમાં ફેલાયેલા સતપંથ સંપ્રદાયને માર્ગદર્શન મળી રહે એ માટે પૂ.આચાર્ય શ્રી કરસનદાસજી મહારાજના નેતૃત્વ હેઠળ ધર્મ સંમેલનો અને શિબિરો યોજાતી રહે છે તો અનુયાયી સમુદાયને ધર્મજ્ઞાનની સરવાણીનો લાભ મળતો રહે તે માટે **'સતપંથ જ્યોત'** નામનું માસિક પીરાણાથી પ્રગટ થાય છે, સમગ્ર સમાજમાં વંચાય છે.

ભગવાનશ્રી નિષ્કલંકી નારાયણનો પાવન સંદેશો કચ્છભરમાં ફેલાવવા અને સદ્‌ભાવના, કોમી ભાઈચારો તથા ધર્મની



realpatidar.com

realpatidar.com

ભાવના ફેલાવવા માટે સદ્‌ગોર શ્રી ઈમામ શાહ મહારાજના નિશાન સાથેના 'સતપંથ રથ' લઈ પૂ. કરસનદાસજી મહારાજ સર્વત્ર કચ્છમાં ફરી વળ્યા હતા. વૈદિક ધર્મની જયજયકાર કરાવી હતી. તેમના ઉપદેશમાં સામાન્ય માનવીના જીવનને ઉચ્ચ સપાટીએ લઈ જવાની ભાવના દ્રષ્ટિગોચર થાય છે. ધર્મ પ્રત્યેની જાગૃતિ, પ્રામાણિકતા અને સંસ્કારોનું જતન, વ્યસનોથી મુક્ત, નારી જાગૃતિ વગેરે તેમના અભ્યાનનો મહત્ત્વના સંદેશો હોય છે. તે સાથે બાળલગ્ન, દહેજનું દૂષણ, ભૂતપ્રેત-વડગાળ જેવા વહેમ અને અંધશ્રદ્ધાથી લોકોને મુક્ત કરાવી સાચા માર્ગે વાળવા તેઓ સદાય પ્રયત્નશીલ રહે છે. 'સતપંથ રથ'ની વિજય યાત્રા દરમ્યાન પ્રત્યેક



realpatidar.com

realpatidar.com

સતપંથીને સંયમ, સદાચાર, કરૂણા, પ્રેમ, દયા અને સદ્ભાવનો પ્રેરણાપીઠનો અમૂલ્ય સંદેશો તેમણે આપ્યો છે. સતપંથના નિયમો અનુસાર તંમાકુ, અફીણ, ગાંજો, ભાંગ, તાડી, મદીરા વગેરે કેફી દ્રવ્યોથી સતપંથીઓએ દૂર રહેવાનું હોય છે. એજ રીતે લસણ-ડુંગળી જેવા તામશી પદાર્થો પણ વર્જ્ય ગણાય છે. વ્યાજખોરી, કામ, ક્રોધ જેવા દૂષણોથી પણ બચવાનું પ્રત્યેક સતપંથી અનુયાયી માટે અનિવાર્ય ગણાય છે.

પૂ. આચાર્યશ્રી કરસનદાસજી મહારાજે હંમેશા સત્ય, પુરૂષાર્થ, પ્રેમ, સમાનતા, અહિંસા, પરોપકાર અને ક્ષમા અને સેવા પર કાયમ ભાર મૂકે છે. સતપંથની પ્રતિજ્ઞાઓના પાલન માટે બાળકોને તથા સમાજને



realpatidar.com

realpatidar.com

હૃદયશુદ્ધિ, શરીરશુદ્ધિ, વ્રત, ધ્યેય, ઉપાસના વગેરે નિયમોનું સદા તેઓ ચિંતન કરાવતા રહે છે.

સામાન્ય માનવીના દુઃખ દર્દમાં પૂ. કરસનદાસજી મહારાજ સદાય સહાયભૂત થતા રહે છે. તમામ વર્ગના લોકો માટે ઉપકારક એવી રચનાત્મક પ્રવૃત્તિઓમાં તેઓ કાયમ અગ્રેસર રહ્યા છે. કુદરતી તેમજ માનવસર્જીત આપત્તિઓ વખતે, પૂર અતિવૃષ્ટિ કે તોફાનો વખતે વહીવટીતંત્રની સાથે રહી જરૂરતમંદોની વહારે થાય છે. કપરા આપત્તિકાળમાં અસરગ્રસ્તોને અનાજ, દવા, કપડા સહિતની મદદ પહોંચાડે છે. મહારાષ્ટ્રના લાતૂરમાં ભયાનક ભૂકંપ થયો ત્યારે પણ અસરગ્રસ્તોની મદદે તેઓ પહોંચી



realpatidar.com

realpatidar.com

ગયા હતા. ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને તબીબી સહાય મળી રહે તે માટે સમયાંતરે આરોગ્ય શિબિરો યોજી નિદાન અને સારવાર ઉપલબ્ધ કરાવે છે.

આચાર્ય શ્રી કરસનદાસજી મહારાજને પ્રેરણાપીઠ પીરાણાની ગાદીપતિ પદે આવે દસ વર્ષ પુરા થતા હોઈ તેમના માનમાં સમાજે ૧૯૯૬-૯૭ના વર્ષને દશાબ્દી વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કર્યું છે. કચ્છના નખત્રાણા ખાતે પંદરેક એકર જમીનના વિશાળ પ્લોટ તથા નિષ્કલંકીધામનું વિશાળ અને ભવ્ય સંકુલ ઉભું કરવાનું આયોજન છે. જેમાં ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણનું ભવ્ય મંદિર, છાત્રાલય, અન્નક્ષેત્ર તેમજ (વૃધ્ધાશ્રમ) વિસામો તેમજ ધાર્મિક



realpatidar.com

realpatidar.com

સામાજિક અને શૈક્ષણિક સહિતની સંતપથ સંપ્રદાય માટે રચનાત્મક પ્રવૃત્તિઓ ઉભી કરવાનું આયોજન છે. જેનું મંગલાચરણ અહીં ભરાનારા અખિલ ભારતીય સંત સમિતિ ના ૧૩માં મહાસંત સંમેલન વખતે ભારતની પીઠો ના આદરણીય જગતગુરૂ શ્રી મહારાજો તથા આદરણીય સંતો મહંતો. પ. પૂ. આચાર્ય વીરવર શ્રી કરસનદાસજી મહારાજના સાનિધ્યમાં કરવામાં આવશે. આગામી તા. ૩,૪,૫ મે, ૯૭ના કચ્છની પાવન ધરતી પર દશાબ્દી વર્ષની પૂર્ણાહુર્તિ મહોત્સવ દબદબાભેર ઉજવવા સમસ્ત ભારતભરનો સતપંથ સંપ્રદાય તેમજ કચ્છની પ્રજા થનગની રહી છે.

**વિપત્તિમાં, ગુરુદેવ નું સમસ્ણ કરવાથી દિવ્ય પ્રેરણા મળે જ છે.**



realpatidar.com

realpatidar.com

**શ્રદ્ધાહિન, નાસ્તિક, નિગુરા તેમજ અભાગીયા જીવો બિચારા શું જાણે. -**

**ભગવત્ ગીતા**

સમાજના, કલ્યાણ માટે કાયમ તત્પર એવા પૂ. કરસનદાસજી મહારાજ આ ઉદ્દેશની પૂર્તિ માટે રાજ્યના વડાઓ, વહીવટીતંત્રના ઉચ્ચ અધિકારીઓ, વિવિદ સેવાભાવી સંગઠનો અને ધાર્મિક વડાઓ સાથે સતત સંપર્કમાં રહે છે. ગુજરાતમાં ચારસો જેટલા ગામો, અને નગરોમાં સતપંથ સંપ્રદાયના આશરે બારસોથી તેરસો જેટલા ધર્મસ્થાનો આવેલા છે. શ્રીનિષ્કલંકી નારાયણ ભગવાનના જ્યોતિ મંદિરો સહિતના આ ધર્મસ્થાનોના વહીવટી વડા એવા આચાર્યશ્રી કરસનદાસજી મહારાજના



realpatidar.com

realpatidar.com

દસેક લાખ અનુયાયીઓ વિશ્વભરમાં ફેલાયેલા છે તેમને સતત માર્ગદર્શન આપી તેમના જીવનને ઉચ્ચત્તર બનાવવા પ્રયત્નશીલ એવા આ દિવ્ય વિભૂતિ જગતગુરૂ દયા કરૂણાના સાગર એવા પ. પૂ. આચાર્યશ્રી કરસનદાસજી મહારાજ જુગજુગ જીવે અને માત્ર સતપંથ સંપ્રદાય જ નહિ સમસ્ત માનવ સમુદાયને તેમની પ્રેરણાનાં અમૃતપાન કરાવતા રહે એવી સદ્ગોર શ્રી ઈમામશાહ મહારાજ પાસે પ્રાર્થના...વંદના...આરાધના...

અસ્તુ..... !

## સજ્જન પુરુષનાં લક્ષણ

સહત સંતાપ આપ, પરકો મિટાવે તાપ,
કરુણાકો દ્રુમ શુભ, છાયા સુખકારી હૈ,



realpatidar.com

realpatidar.com

દોષ દિલ નાંહી લેવે, શરન આયે શીશ દેવે,
પરમાર્થ વૃત્તિ જિનકો, સદા પ્રાણ પ્યારી હૈ,
શૂરવીર ક્ષમાવાન, કોટીપતિ અભિમાન નાંહીં,
જ્ઞાનકો નિધાન ભાન, ગંભીર ગુણ ધારી હૈ,
કહત હૈ કવિ ગંગ, સુનો મેરે દિલ્હીપતિ,
વિશ્વ મેં વિરલ કોઈ, સજ્જનકી બલિહારી હૈ,

★★★

કરજે શૂરાનાં કામ, રોતલ સંગ રમીશ મા,
રહેશે અમર નામ, સાચું સોરઠિયો ભણે.
ભરજે ભડથી બાથ, રાંકને રંજાડીશ મા,
રાજી જગનો નાથ, સાચું સોરઠિયો ભણે.
નિત નિત નાહવા જાય, પણ મન ચોકખું મળે નહિ,
એ ચોખ્ખો નવ કહેવાય, સાચું સોરઠિયો ભણે.
વહાલો થાવા વાત, જેને ત્યાં ત્યાં કરે,
એ ખરો કમજાત, સાચું સોરઠિયો ભણે.
ઢગલે ધન કમાય, સંઘરે પણ ખરચે નહિ,



realpatidar.com

realpatidar.com

તે પરને હાથ જાય, સાચું સોરઠિયો ભણે.
સંઘરી રાજી થાય બહુ, કપાય કાળજું કાઢતાં,
એ વિણ ખાપણે જાય, સાચું સોરઠિયો ભણે.
દાટે ધન પાતાળ, ગળેથી છૂટે નહીં,
એ ખરેખરો રખવાળ, સાચું સોરઠિયો ભણે.
ધન દેખી રાજી થાય, વાવરે તો વસમું ઘણું,
તે હાથ ઘસતો જાય, સાચું સોરઠિયો ભણે.
ખવરાવે ને ખાય, મનડું મોટું રાખીને,
તેને વહાલો સહાય, સાચું સોરઠિયો ભણે.
છોડીને ઘરબાર, ભસ્મ લગાવી ભાગિયા,
પણ મમતા હાલી લાર, પાછા ગામમાં લાગિયા.
નારી ઘરનું નાક છે, નારી સુત દેનાર,
નારીથી પંકાય છે, નારી સુખ આધાર.
બડે બડે સબ કહત હૈ, બડે બડે મેં ફેર,
સરિતા સબ મીઠી લગે, સમુદ્ર ખારો ઝેર.

卐



realpatidar.com

realpatidar.com

# ● આપણો ધર્મ ●

☆ જેનાથી જીવનમાં દુર્ગુણોનો વિનાશ થાય અને સદ્ગુણોનો વિકાસ થાય એનું નામ ધર્મ.

☆ જે બીજાના સુખે સુખી થવાની અને બીજાના દુ:ખે દુ:ખી થવાની સદ્ભાવના જગાડે એનું નામ ધર્મ. [જનસેવા એ જ પ્રભુસેવા]

☆ જેના દ્વારા જડ પ્રત્યે વિરક્તિ અને જીવો પ્રત્યે પ્રીતિ જન્મે એનું નામ ધર્મ.

☆ જે નશ્વર સાથેનો સંબંધ તોડી આપે અને ઈશ્વર સાથેનો સંબંધ જોડી આપે એનું નામ ધર્મ.

☆ ધર્મ એ તો જીવનમાં પળેપળ જીવવાની વસ્તુ છે. જીવનમાં પ્રત્યેક પળે આપણો કંઈક ધર્મ છે. કંઈક કર્તવ્ય છે. એવું સમજીને જાગૃતિપૂર્વક જીવવું એનું નામ ધર્મ.

realpatidar.com

realpatidar.com

વૈદિક ધર્મના ધર્મ ધુરંધર, ધોળી ધજાના સજાગ
પ્રહરી, દયા, કરૂણા, પ્રેમ અને વાત્સલ્યની સાક્ષાત
મૂર્તિ પરમ પૂજ્ય વીરવર આચાર્યશ્રી કરસનદાસજી
મહારાજનો સતપંથ પ્રેરણાપીઠ પીરાણાના ગાદીપતિ
તરીકેનો ઉજ્જ્વળ સુવર્ણ દાયકો

realpatidar.com